રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહે તાજિકિસ્તાનના દુશાંબેમાં યોજાયેલી એસસીઓ દેશોની સરકારના વડાઓની પરિષદની બેઠકને સંબોધિત કરી

રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહે 20 ઑક્ટોબર 2026 ના રોજ તાજિકિસ્તાનના દુશાંબેમાં યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ)ની સરકારના વડાઓની પરિષદ (સીએચજી)ની 25મી બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

2. બેઠકને સંબોધતાં રક્ષામંત્રીએ વેપાર, રોકાણ, સંપર્કસુવિધા, નવીનતા અને લોકોથી લોકોના પરસ્પર હિતનાં ક્ષેત્રોમાં એસસીઓના સભ્ય દેશો વચ્ચે વ્યવહારિક સહયોગને વધુ મજબૂત બનાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

3. રક્ષામંત્રીએ આતંકવાદનાં તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓનો સામનો કરવા માટે ભારતની દૃઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને પ્રાદેશિક શાંતિ તથા સ્થિરતા સામેના પડકારોનો સામનો કરવા સામૂહિક પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રાદેશિક સહકાર પરસ્પર આદર, સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને પરસ્પર લાભના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત થવો જોઈએ.

4. આ બેઠકમાં એસસીઓના સભ્ય દેશો વચ્ચે બહુપક્ષીય આર્થિક અને વેપાર સહયોગના ક્ષેત્રમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત, પરિવહન, નાણાં, ડિજિટલ અર્થતંત્ર અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા માટે સંપર્કસુવિધા સંબંધિત પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી.

5. પ્રતિનિધિમંડળોના વડાઓએ એસસીઓના સરકારના વડાઓની પરિષદની 25મી બેઠકની સંયુક્ત વિજ્ઞપ્તિ અપનાવી હતી. આ વિજ્ઞપ્તિમાં 2027 માટેનું એસસીઓનું બજેટ, સંબંધિત નાણાકીય અને વહીવટી નિર્ણયો તથા 2026–2030 માટેની પીએમટીઈસી કાર્યયોજનાનો સમાવેશ થાય છે.

6. એસસીઓના સરકારના વડાઓની પરિષદ (સીએચજી) એ સંગઠનનું એક મહત્ત્વપૂર્ણ તંત્ર છે, જે સભ્ય દેશો વચ્ચે આર્થિક તથા વ્યવહારિક સહયોગનાં અન્ય ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે જવાબદાર છે. ભારત 2017 થી એસસીઓનું પૂર્ણ સભ્ય છે અને તેના વિવિધ તંત્રોમાં સક્રિયપણે ભાગ લેવાનું ચાલુ રાખે છે.

દુશાંબે

20 ઑક્ટોબર, 2026